ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૧૯ ટકા

# એડવાન્સ પેરાગ્લાઈડીંગની તાલીમમાં સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓ ઝળકી

## અરૂણાચલ તથા આસામ ખાતે યોજાયેલ એરો એડવેન્ચર સ્પોર્ટસના એડવાન્સ કોર્સમાં ગાંધીનગર ખાતેની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પીથ્રી લેવલ પાસ કર્યા

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતના યુવાનો સ્પોર્ટસ ક્ષેત્રે ઉદાસીનતા ધરાવે છે તેવું મ્હેણું છેલ્લા કેટલાય સમયથી ભાંગી જઈ રહ્યું છે. હવે રાજયના યુવાનો માત્ર સ્પોર્ટસ નહીં એરો એડવેન્ચર સ્પોર્ટસ જેવી રમતોમાં પણ આગળ વધી રહ્યા છે જે રાજયમાં બદલાયેલા સ્પોર્ટસ અભિગમની સાક્ષી પુરે છે. તાજેતરમાં ગાંધીનગર ખાતેની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના એરો એડવેન્ચર સ્પોર્ટસના વિદ્યાર્થીઓમાંથી ૮૦ ટકા વિદ્યાર્થીઓ અરૂણાચલ પ્રદેશના દિરાંગ તથા આસામના ગૌહાટી ખાતે યોજાયેલ એડવાન્સ પેરાગ્લાઈડીંગ અને પેરા મોટરીંગ કોર્સમાં પીથ્રી લેવલ પાસ કરવામાં સફળ રહ્યા છે. જયારે ૧૦૦ ટકા વિદ્યાર્થીનીઓએ પણ આ કોર્સનું પીથ્રી લેવલ પાસ કર્યું છે.

ગાંધીનગરની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીને પેરાસેઈલીંગની બેઝીક તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ બાદ તેમાંથી પસંદગી પામેલા ૭૨ વિદ્યાર્થીઓને એડવાન્સ પેરાગ્લાઈડીંગ અને પેરા મોટરીંગના કોર્સ માટે અરૂણાચલના દિરાંગ તથા આસામના ગૌહાટી ખાતે મોકલવામાં આવ્યા હતા. સતત ૧૮ દિવસની એડવાન્સ તાલીમ બાદ તેમાંથી ૮૦ ટકા વિદ્યાર્થીઓ પી થ્રી લેવલ પાસ કરવામાં સફળ રહ્યા હતા આ સાથે પેરાગ્લાઈડીંગ કોર્સ માટે સ્પોર્ટસ યુનિવર્સિટી તથા અન્ય યુનિવર્સિટીની મળીને ૧૯ યુવતિઓને પણ પસંદ કરાઈ હતી. જેમાંથી તમામ વિદ્યાર્થીનીઓએ તેમનો એડવાન્સ કોર્સ સફળતાપૂર્વક પાસ કર્યો છે. ગુજરાતના વિદ્યાર્થીઓની એરો સ્પોર્ટસ ક્ષેત્રે સફળતાને પગલે રાજયમાં એરો સ્પોર્ટસના વિકાસની તકો ખુલી શકે છે. રાજયમાં કુદરતી રીતે પહાડો ઉપરાંત લાંબો દરિયાકિનારો પણ ઉપલબ્ધ હોવાથી સાહસિક રમતોના વિકાસ માટે અનુભવી તજજ્ઞો તથા પ્રશિક્ષકો પ્રાપ્ત થવાની ઉજળી તક રહેલી છે. એડવાન્સ કોર્સમાં સ્કીલ ડેવલપમેન્ટ તથા તાલીમ માટે યુનિ. દ્વારા ખર્ચનો બોજ ઉઠાવાઈ રહ્યો છે.

### પીથ્રી લેવલ પાસ કરનાર યુવતિઓ

એડવાન્સ પેરાગ્લાઈડીંગ કોર્સમાં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓમાં મેઘના પઢિયાર, મિતાલી વાઘેલા, આશી જૈન, મુદ્રા સિધ્ધપરા, વેનીશા ચૌહાણ, આહુતિ ભાવસાર, ગીતા ચૌધરી, ક્રિશ્ટ્રી રશેલ, જયંતિબાઈ, વિનિતા મોર્ધની, નીતિ, રાધિકા ચુડાસમા, પ્રિન્સી, ભૂમિ ચાવડા, સેન્ડ્રા મિશેલ, ઉર્જા શાહ, ઐટ્રી દેવતા અને મોનિકા પટેલનો સમાવેશ થાય છે.





માનવીએ કુદરતના નિયમિત પરિવર્તનોને આધારે કેલેન્ડર ઘડી તો કાઢયું પરંતુ આખરે કુદરત એ કુદરત જ છે, તે થોડી માનવીના કેલેન્ડર સાથે બંધાયેલી છે? હજુ તો બે દિવસ પહેલા સૌએ હોળીનો તહેવાર ઉજવ્યો અને ફાગણના ગીતો ગાયા છે પરંતુ ગાંધીનગરમાં જાણે ચૈત્ર માસની શરૂઆત થઈ હોય તેમ લીમડે મોર દેખાવા લાગ્યો છે. લીમડાના મોરનો રસ શરીરને આખા વર્ષની રોગ પ્રતિકારક શકિત પુરી પાડી શકે છે જો તેનું સમગ્ર ચૈત્ર માસ દરમિયાન સેવન કરવામાં આવે તો. આથી જ સ્વાસ્થ્ય પ્રેમી શહેરીજનો ચૈત્ર માસનો એક પણ દિવસ લીમડાના મોરનો રસ પીવાનું ચુકતા નથી એટલું જ નહી કેટલાક સેવાભાવી શહેરીજનો તો અન્યો માટે પણ રસ કાઢી તેનું નિઃશુલ્ક વિતરણ કરે છે. શહેરના સેકટર-૬માં ચૈત્ર માસ પહેલા લીમડે મોર દેખાયો એટલે તસવીરકારથી તેને કચકડે મઢયાં વિના રહેવાયું જ નહીં!!!

# સે-૪માંથી દોઢ લાખના દાગીનાની ચોરી

## તસ્કરોએ છેલ્લા ૨૦ દિવસથી બંધ મકાનને ટાર્ગેટ કર્યું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં વાહન ચોરી, ઘરફોડ, લુંટ, હત્યા, ફાયરીંગ સહિતના ગુનાઓ સામાન્ય બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. રાજયનું પાટનગર હવે સલામત રહ્યું નથી તેવો ઘાટ સર્જાયો છે. શહેરમાં સઘન પેટ્રોલીંગ વચ્ચે તસ્કરો પોતાના કામને અંજામ આપી પોલીસને ચેલેન્જ આપતા હોય તેમ લાગી રહ્યું છે. પોલીસ એક ચોરીના ગુનેગારોને શોધી શકતી નથી ત્યાં ચોરો બીજે ચોરી કરી પોલીસને પડકારે છે અને બેફામ બનતા જાય છે.

શહેરના સેકટર-૪ એ ના છેલ્લા ૨૦ દિવસથી બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવી તિજોરીમાં રહેલા દોઢ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદથી ચોર ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.


પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ એ પ્લોટ નં.૨૨૨-૨ ખાતે રહેતા ચંદુભાઈ પુજાભાઈ ભોઈ (ઉં.વ.૬૫) તેમના પરિવાર સાથે રહે છે. ચંદુભાઈ પોતાના વતન જેતલપુર ખાતે મકાનનું કામ ચાલતુ હોવાથી ત્યાં હતા અને પુત્ર અને તેમના પત્ની છેલ્લા ૨૦ દિવસથી ગાંધીનગરનું મકાન બંધ કરીને ગયા હતા. ગત શનિવારના રોજ ચંદુભાઈને ફોન કરીને પાડોશીએ જણાવ્યું હતુ કે તમારા ઘરનો દરવાજો ખુલ્લો છે. જેથી ચંદુભાઈ પરિવાર સાથે તાત્કાલીક ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. તેઓએ ઘરમાં જઈને જોયું તો ઘરમાં રાખેલી તિજોરી તુટેલી હતી અને સામાન વેર-વિખેર પડ્યો હતો. તેમજ તિજોરીમાં મુકેલા રૂ.૧.૫૪ લાખના સોના-ચાંદીના દાગીના ગાયબ હતા. ત્યારે તસ્કરોએ ઘરના દરવાજાનો નકુચો તોડી તિજોરીનુ લોક ખોલીને અંદરનું પણ લોકર પણ તોડ્યું હતું. છતા પણ આસપાસના રહીશોને અવાજ સુધ્ધા આવ્યો નથી. ત્યારે બનાવ અંગે સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એસ.ડી. કાળાત વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સિવિલની લીફટમાં પાણીનો પ્રવાહ અવિરત

## લીફટમાં પાણી ભરાઈ રહેતા પાણીના નિકાલ બાદ લીફટ શરુ કરાય છે

ગાંધીનગર, તા.૨૩

જયાંથી આરોગ્યલક્ષી સેવાઓનો પ્રારંભ કરવામાં આવે છે.પાટનગરથી રાજયના છેવાડાના ગામ સુધી આરોગ્યલક્ષી સુચનાઓ આપવામાં આવે છે. ત્યારે ગણતરીના અંતરે આવેલી પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલનું તંત્ર કથળ્યું હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરની સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગની તમામ લીફટમાં પાણી ભરાઈ જાય છે. છેલ્લા સાત સાત દિવસથી આ પરિસ્થિતિ સર્જાઈ છે. નવી બિલ્ડીંગમાં દર્દીઓ અને સગાઓની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા મોટર મુકીને લીફટમાંથી પાણી ઉલેચ્યા પછી લીફટ કાર્યરત કરવામાં આવે છે. સિવિલ હોસ્પિટલમાં આ સિલસિલો રોજનો થઈ ગયો છે.



પાટનગરમી મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સેવાઓમાં વધારો થતા દર્દીઓનો ભારે ધસારો રહે છે. તાવથી માંડીને હિમોડાયાલીસ સુધીની સારવાર થતા દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ છે. સિવિલની પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર ઈમારત દર્દીઓથી ભરાયેલી હોય છે. એકસ-રે, સીટીસ્કેન અને સોનોગ્રાફી સહિત લેબોરેટરીની સુવિધા હોવાથી હજ્જારો દર્દીઓ રોજના સારવાર માટે આવે છે. ત્યારે નવી બિલ્ડીંગમાં ભોંયતળીએ આવેલી લીફટમાં છેલ્લા ઘણા સમયથી પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાઈ છે, પરંતુ આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવતું નથી. પાણી લીફટમાં ભરાઈ જતા કોઈ તંત્ર દ્વારા મોટર મુકીને પાણી બહાર નીકાળવામાં આવે છે. પાણી નીકળી ગયા બાદ લીફટ શરુ કરવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસોથી આ સિલસિલો શરુ છે. છતા તંત્રના અધિકારીઓ રાઉન્ડમાં નીકળે છે અને કંઈ જગ્યાએ રાઉન્ડ મારીને પાછા ઓફીસમાં ભરાઈ જાય છે. અધિકારીઓને સિવિલની સમસ્યાઓ દેખાતી નથી, કે તે સમસ્યા દુર કરવામાં તેઓને રસ નથી. ત્યારે સિવિલમાં આવતા દર્દીઓને આઠ આઠ માળ સુધી દાદરા થી આવન જાવન કરવાની ફરજ પડે છે. ત્યારે લીફટમાં ભરાતા પાણીની સમસ્યા કાયમી દુર થાય તેમ દર્દીઓ, મુલાકાતીઓ અને સ્ટાફના કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે એસબીઆઈ બેંક પાસે વાવોલ ખાતે ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

● વીરમાયા સ્મારક સમિતિ દ્વારા સવારે ૧૦ કલાકે ગુજરાતની દલિત કથાઓ અને રાત્રે ૮.૩૦ કલાકે પાઠ પુજા અને પીર પરંપરા વિષય પર સે-૧૨ સ્થિત બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે સેમિનાર યોજાશે.

● સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ભાગવત દશમ સ્કંદ સપ્તાહ પારાયણ અંતર્ગત રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સે-૨૨ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે બાળલીલા અને નામકરણ સંસ્કાર યોજાશે.

● સંસ્કાર ગૃપ દ્વારા સવારે ૮.૩૦ થી ૯.૨૦ કલાક સુધી સે-૭ બગીચા ખાતે ગ્રુપના બાળકોને શાળાકીય પરીક્ષાની શુભેચ્છા પાઠવવામાં આવશે.

## આજે બૌધ્ધ ધર્મના ઉત્ખલન અંગે પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના બૌધ્ધવિહાર સેકટર-૨૪માં તા. ૨૪મી માર્ચના રોજ બૌધ્ધ ધર્મના ગુજરાતમાં થયેલ ઉત્ખલન અંગે પરિસંવાદનું આયોજન સવારે ૧૦ કલાકે યોજેલ છે.

જેમાં જાણીતા પત્રકાર પ્રિયદર્શી મેડલ દિલ્હીથી છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતમાં નીકળેલ બૌધ્ધ ધમ્મની ધરોહરના પ્રવાસે છે. હાલ તેઓ તારંગા અને વડનગર ખાતે આ સંસાધન અર્થે રોકાયેલ છે.

તા. ૨૪ માર્ચ ૨૦૧૯ને રવિવારે બૌધ્ધ ધમ્મ વિહાર મકાન નં. ૭૭૨ આદર્શનગર સેકટર-૨૪ ખાતે બૌધ્ધ પરિવાર સાથે પત્રકાર પ્રિયદર્શી મેડમનો પરિસંવાદ રાખેલ છે. તો સર્વે બૌધ્ધ પરિવારે હાજર રહેવા બૌધ્ધ વિહારના કારોબારી સભ્ય ભિખાભાઈ અમીને જણાવેલ છે.





શહેરમાં પાનખરની ઋતુ ચાલી રહી છે અને મુખ્ય માર્ગની આસપાસની વનરાજીમાં સૂકા પાંદડાના ઢગ ખડકાય છે. વળી, આ ઋતુમાં પવન પણ સતત વહેતો હોવાને કારણે સૂકાં પાંદડાઓમાં અનેકવાર ઘર્ષણ થવાથી સળગી ઉઠવાની ઘટનાઓ પણ જોવા મળે છે. આ રીતે જ ચ માર્ગ પર ચ-૨ સર્કલથી ચ-૩ સર્કલ વચ્ચેના ભાગમાં રોડ સાઈડની વનરાજીમાં લાગેલી આગ તરફ જાણીતા પર્યાવરણપ્રેમી તથા સંસ્કારગૃપના પ્રમુખ તુષારભાઈ દવેની નજર પડતાં આગ વધુ વકરે તે પહેલા તેમણે તુરંત જ સમયસુચકતા વાપરી આગ હોલવી હતી.

# પક્ષી પરબનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

ગરમીની ઋતુમાં પક્ષીઓની તરસ છીપાવવાને માનવીય ફરજ અને ધર્મ સમજીને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા માટીના બનાવેલ પક્ષી પરબનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. પક્ષી પરબ મેળવવા માટે નગરજનોને અરૂણ બુચ અને ચેતના બુચ સે-૨૦, શશીકાંતભાઈ મોઢા, સે-૪, ૨૪૮/૧, આર.કે. ધામેચા સે-૪-સી પ્લોટ નં. ૧૨૨૦, નિલેન્દુ વોરા સે-૫-એ પ્લોટ નં. ૪૪૩, મયુરભાઈ વ્યાસ, સે-૭-ડી પ્લોટ નં. ૧૨૬૦/૧, સુધીર દેસાઈ સે-૨૩-શ્રીધર એપાર્ટમેન્ટ, નિસર્ગ બુચ સે-૨૮-મયુર એપાર્ટમેન્ટ, કિશોરભાઈ જીકાદરા સે-૩૦ પ્લોટ નં. ૧૪૨ સર્વોદયનગર, પ્રદીપ સોલંકી કુડાસણ-જય યોગેશ્વર, ભાનુભાઈ દવે સે-૨-બી પ્લોટ નં. ૯૩૦/૧ના નિવાસસ્થાને સંપર્ક કરવા જણાવાયું છે. નાગરિકો વિના મૂલ્યે પક્ષી પરબ અર્થે માટીના કુંડા લઈ શકે છે તથા સ્વેચ્છાએ આર્થિક યોગદાન પણ આપી શકે છે.

## આજે વિના મૂલ્યે નેત્ર અને ડાયાબીટીસ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર તથા લાયન્સ કર્ણાવતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ આ હોસ્પિટલ ઓગણજના સહયોગથી તા. ૨૪-૩-૨૦૧૯ રવિવારે સવારે ૯.૩૦ થી ૧.૩૦ કલાકે પેથાપુર સ્થિત રામદેવપીર મંદિર હોલ ખાતે ૨૫મો વિના મૂલ્યે નેત્ર નિદાન તથા ડાયાબીટીસ નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું છે.

વિના મૂલ્યે નિદાન કેમ્પમાં આંખ તપાસતા જે દર્દીઓને મોતીયો હોય તેમને નેત્રમણી વિના મૂલ્યે મુકી આપવામાં આવશે. ઓગણજ લાયન્સ કર્ણાવતી હોસ્પિટલમાં દર્દીને હોસ્પિટલ લઈ જવા તથા પરત મૂકવાની વ્યવસ્થા સાથે રહેવા જમવાની વ્યવસ્થા વિના મૂલ્યે છે. જરૂરિયાતવાળા દર્દીઓને ચશ્મા રાહત દરે આપવામાં આવશે.

નેત્ર નિદાન અને ડાયાબીટીસ કેમ્પમાં રાજેન્દ્રસિંહ એચ. વાઘેલા, દિલીપસિંહ પી. વાઘેલા, રણજીતસિંહ આર. વાઘેલા, લાયન પિયુષ શાહ, મહેન્દ્રભાઈ પરમાર, હરેન્દ્રભાઈ શુકલ, યોગેન્દ્રભાઈ પટેલ, લાલસિંહ કે. વાઘેલા ખાસ હાજર રહેશે.

# પડતર માંગણીઓની અસરકારક રજુઆત અંગે આશ્રમશાળાના શિક્ષકોનું મનોમંથન

## ઘ-૪ સર્કલ નજીક સ્વર્ણિમ પાર્ક ખાતે રાજયના ૩૩ જિલ્લાઓની આશ્રમશાળાઓના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં આજે ઘ-૪ સર્કલ નજીકના સ્વર્ણિમ પાર્ક ખાતે રાજયના ૩૩ જિલ્લાની આશ્રમશાળાઓના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આશ્રમશાળાઓના પડતર પ્રશ્નોના નિરાકરણ તથા શિક્ષકો સહિત કર્મચારીઓના મળવાપાત્ર લાભો મેળવવા આગામી સમયમાં રાજય સરકાર સમક્ષ રજુઆત અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા 'સૌ ભણે સૌ આગળ વધે' તેવા આશય સાથે રાજયના ૩૩ જિલ્લાઓમા અંદાજે ૭૦૦થી વધુ આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આશ્રમશાળામાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને રહેવા જમવાની સુવિધા સાથે શિક્ષણ આપી તેમના સર્વાંગી વિકાસ માટે પ્રયાસ કરવામાં આવે છે. આશ્રમશાળામાં રહીને બાળકો ભણતા હોવાથી શિક્ષકો ૨૪ કલાક ફરજ નિભાવવા તૈયાર હોય છે. આમ છતાં હજુ સુધી આશ્રમશાળાના શિક્ષકોને સાતમું પગાર પંચ, ફાજલ રક્ષણ કે ગૃહપતિ નિમણુંક જેવા મુદાઓની ફાઈલ નાણાં વિભાગમાં ઘણા સમયથી પડતર હોવા છતાં તે અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આશ્રમશાળાના શિક્ષકોની પડતર માંગણીઓ અંગે અવારનવાર સરકાર સમક્ષ રજુઆત કરવા છતાં સરકાર દ્વારા શિક્ષકોની માંગણીઓ નહીં સ્વીકારાતા શિક્ષકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. આજે ગાંધીનગરમાં એકઠા થયેલા રાજયભરની આશ્રમશાળાના પ્રતિનિધિઓની બેઠકમાં આ પડતર માંગણીઓ સત્વરે સરકાર દ્વારા સ્વીકારાય તે માટે આગામી સમયમાં લડત આપવા રણનીતિ ઘડી કાઢવામાં આવી હતી. બેઠકમાં જો સરકાર દ્વારા માંગણીઓ સત્વરે નહીં સ્વીકારાય તો મોરચો માંડવાની પણ તૈયારીઓ શિક્ષકોએ દર્શાવી હતી.

### ગૃહપતિ ભથ્થું માત્ર રૂ. ૩૦ જેટલું નજીવું

આશ્રમ શાળામાં રાજયના અંતરિયાળ વિસ્તારના ગરીબ, શ્રમજીવી અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને વિના મૂલ્યે નિવાસી શિક્ષણ આપવામાં આવે છે. આશ્રમ શાળાના શિક્ષકોને શિક્ષકની સાથે ૨૪ કલાક ગૃહપતિની પણ ફરજ બજાવવી પડે છે જે માટે વેતન પેટે માત્ર રૂ. ૩૦ જેટલું નજીવું ગૃહપતિ ભથ્થું આપવામાં આવે છે. આટલા નજીવા ભથ્થામાં તેમણે વિદ્યાર્થીઓની તમામ પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે.

# મુકિતધામ ખાતે પક્ષીનું બચાવકાર્ય



ગાંધીનગરનું મુકિતધામ અબોલ ઘાયલ પક્ષીઓને પીડામાંથી મુકિત અપાવતું ધામ બન્યું છે. સમગ્ર વર્ષ દરમિયાન અહીં ઘવાયેલા પક્ષીઓને સારવાર પુરી પાડવાની સેવા આપવામાં આવે છે. આજે શહેરમાં ઝાડ પર ફસાયેલ એક દુર્લભ પક્ષી અંગેની ફોન પર માહિતી પ્રાપ્ત થતાં મુકિતધામનો સ્ટાફ ત્યાં ધસી ગયો હતો અને પક્ષીને તકેદારીથી ઝાડ પરથી ઉતારી રેસ્કયુ કરી સારવાર આપવામાં આવી હતી. સારવાર દરમિયાન પક્ષી ઈજાગ્રસ્ત હોવાથી ટાંકા લેવાની પણ જરુર પડી હતી. પક્ષીને સમયસર સારવાર મળતા તેનો જીવ તો બચ્યો છે પરંતુ તેને હજુ પણ મુકિતધામ ખાતે દેખરેખ હેઠળ રાખવામાં આવશે અને જયારે તે તદન સાજુ થઈ જશે તે પછી મુકત કરી દેવાશે.

### ચિરવિદાય

- સ્વ. ડાભી સુખાજી પ્રતાપજી, ઉ.વ. ૯૦
- સ્વ. દેવીપુજક શિલ્પા સંજયભાઈ, ઉ.વ. ૧૫